
ગાંધીનગર સમાચાર



# ગાંધીનગરમાં વાઈફાઈનું સ્વપ્ન એકાદ સપ્તાહમાં સાકાર થશે

**કંપનીએ ૭૦ ટકા કામગીરી પૂર્ણ કરી દીધી છે : ૪૯૦ એકસીસ પોઈન્ટ લગાવી કનેક્ટીવીટી માટે ટેકનીકલ હેડ એક્ટીવ**



ગાંધીનગર, તા. ૫

વર્તમાન ટેકનોલોજી અને ઈન્ટરનેટના યુગમાં માનવે તમામ માહિતીની આપલે અને કામકાજ આંગળીના ટેરવે બનાવી દીધુ છે. સ્માર્ટ મોબાઈલમાં ઈન્ટરનેટ વાઈફાઈ લોકોના જીવનમાં મહત્વનું બની ગયું છે. લોકોના ખીચામાં પૈસા નથી પણ મોબાઈલમાં ઈન્ટરનેટ ડેટા જરૂર હોય છે. એક સમય ખાધા વર ચાલે પણ કલાક ઈન્ટરનેટ કનેક્ટીવીટી બંધ થાય તો કેટલાયના જીવ ઊંચાનીચા થઈ જાય છે. અગાઉના સમયમાં શાળા કોલેજના યુવાનો બેગ સાથે રાખતા હતા હાલ મોબાઈલમાં સૌ કોઈ ઈન્ટરનેટ પેક ફૂલ રાખે છે.

ઈન્ટરનેટ અને વાઈફાઈના જમાનામાં ગાંધીનગરના શહેરીજનોની ઈન્ટરનેટ કનેક્ટીવીટી ન તૂટે તે માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશને ગાંધીનગર પાટનગરને દેશના સૌપ્રથમ વાઈફાઈ પાટનગર બનાવવાનો દ્રઢ સંકલ્પ કર્યો છે. જેથી ટુંક જ સમયમાં ગાંધીનગર "વાઈફાઈ" ગાંધીનગર બની જશે.

ગાંધીનગર શહેરી વિસ્તારને સંપૂર્ણ વાઈફાઈ હેઠળ આવરી લેવા સરકારીતંત્ર ખાનગી કંપની સાથે મળી તડામાર કોશિશ કરી રહી છે. ગાંધીનગરને વાઈફાઈ બનાવવા થોડા સમય અગાઉ વિવિધ બેનરો બોર્ડ વગેરેના માધ્યમથી જાહેરાત કરવામાં આવી હતી અને ૧ એપ્રિલથી પાટનગરમાં વાઈફાઈ સેવાના પ્રાથમિક તબક્કે પ્રારંભ થઈ ગયા છે.

સરકાર દ્વારા નિયત કરેલી કંપનીઓએ વાઈફાઈ નેટવર્ક કાર્યરત કરવા ઠેર-ઠેર ટેકનીકલ મશીનરી જરૂરી ટાવર લગાવી દેવામાં આવ્યા છે અને ટુંક જ સમયમાં શહેરને વાઈફાઈથી ધબકતુ શહેર બનાવવા ક્લીન કનેક્ટીવીટ સાથે આખરી ઓપ આપી રહ્યા છે.

શહેરને ઈન્ટરનેટ વાઈફાઈથી સજ્જ બનાવવા કંપનીએ ઠેર ઠેર ૭૮૦ જેટલા એક્સીસ પોઈન્ટ (એપી) મુકવાનું નક્કી કર્યું છે. જેની સામે હાલ ૪૯૦ જેટલા એક્સીસ પોઈન્ટ (એપી) મુકી દેવામાં આવ્યા છે. એટલે કે ૭૦ ટકા જેટલુ કામ હાલ પૂર્ણ કરવામાં આવ્યુ છે. જ્યારે ૪૫૦ જેટલા એપી નેટવર્કમાં કાર્યરત થઈ ગયા છે.

વાઈફાઈ સેવા શરૂ થતા એક એકસીસ પોઈન્ટમાં એક સાથે ૩૫૦ યુઝર્સ લોગઈન કરી શકશે અને કુલ ૪૯૦ એક્સીસ પોઈન્ટની મદદથી અંદાજે ૬૦ હજાર યુઝર્સ આ સેવાનો લાભ લઈ શકશે, ઈન્ટરનેટ વાઈફાઈ ફોર-જીનો લાભ લેવા યુઝર્સે પોતાના મોબાઈલના વાઈફાઈ મેનુમાં જઈ સર્ચ કરવુ પડે. બાદમાં ગાંધીનગર વાઈફાઈ સીટીમાં જઈ પેજ ખુલતા નામ ઈમેલ ફોન અને આધાર નંબર સહિતની વિગતો ભરવાની રહેશે. આથી તમારા મોબાઈલમાં માત્ર ૩૦ સેકન્ડમાં જ એક યુર્જર પાસવર્ડ જનરેટ થશે

● અનુસંધાન પાન-૭ પર





રાજકીય હિલચાલ - ચૂંટણી પ્રક્રિયાના પ્રારંભની સાથે જ રાજકીય પક્ષો સક્રિય બની ગયા છે... ભાજપમાં ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાના પ્રથમ તબક્કામાં મંગળવારે દિવસ દરમિયાન પાંચ વૉર્ડના દાવેદારોને નિરીક્ષકો દ્વારા સાંભળવામાં આવ્યા હતા. વૉર્ડ નં. ૮માં પક્ષના પ્રદેશ મહામંત્રી કાર્યકરોને સંબોધી રહ્યા છે... જ્યારે બીજી તસવીરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસની પ્રચાર વાન શહેરની ગલીઓમાં પક્ષના સંદેશ સાથે ઘુમી રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## મનપાની ચૂંટણી માટે નિરીક્ષક તરીકે પૂર્વ કલેક્ટર સંજીવકુમાર નિયુક્ત થયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગ પાલિકાના ચૂંટણી નિરીક્ષક તરીકે રાજ્ય ચૂંટણી પંચે પૂર્વ જિલ્લા કલેક્ટર અને પ્રભારી સચિવ શ્રી સંજીવકુમારની નિયુક્તી કરી છે. આ અંગેના હૂકમો જારી કરી દેવાયા છે અને તેઓ આવતીકાલે ચૂંટણીની સમીક્ષા માટે કલેક્ટર કચેરી આવી પહોંચશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચુક્યો છે. રાજ્ય ચૂંટણી પંચે આજે ઈ.વોટર્સની નોંધણી, મતદાર જાગૃતિ અભિયાનને લઈ આજે ખાસ સમીક્ષા બેઠક પણ યોજી હતી. જેમાં ઓનલાઈન વોટીંગ સિસ્ટમના પ્રચાર પ્રસાર ઉપરાંત મતદાર જાગૃતિ માટે ઈવીએમ નિદર્શન સહિત વિવિધ સ્થાનો પર હોર્ડિંગ્સ લગાવવા તાકીદ તંત્રને કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચે ઈ.વોટર્સ સિસ્ટમને લઈ અત્યાર સુધી કરેલી કાર્યવાહીને હજુ વધુ સઘન બનાવવા માટે પણ જણાવવામાં આવ્યું હતું.

આજે મનપાની ચૂંટણી માટે નિમાયેલા નિરીક્ષક શ્રી કલેક્ટર કચેરી ખાતે ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. આ ઉપરાંત આચારસંહિતા તેમજ ખર્ચ નિયંત્રણ સહિતની બાબતો પર ચાંપતી નજર રાખશે. પંચ દ્વારા નિરીક્ષકની નિયુક્તીના હૂકમો જારી કરી દેવાયા છે.

## મનપાના જંગમાં બીજે દિવસે પણ ઉમેદવારોને મુહૂર્ત ન જડ્યુ !!

**૧૯૦થી વધુ લોકો ઉમેદવારી પત્ર લઈ ગયા છે : ઉમેદવારી પત્ર ભરવા આવતા ઉમેદવારો માટે તંત્ર પણ સંપૂર્ણ સજ્જ, બન્ને પક્ષમાં બળવાનો ભય**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની બીજી સામાન્ય ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાના આજે બીજે દિવસે પણ એક પણ ઉમેદવારી પત્ર ભરાયુ નથી હવે આ માટે ત્રણ દિવસનો સમય બાકી છે અને તેથી ચૂંટણી અધિકારીઓ દ્વારા ઉમેદવારી પત્રો ભરવાના આગામી દિવસો દરમ્યાન કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટેના પગલાંઓ લેવાનું આયોજન તૈયાર કરી દીધેલ છે.

મહાનગરપાલિકાની ચૂંટણી માટે જિલ્લા તંત્રમાંથી ૧૯૦થી વધુ જંગ ઈચ્છુકો ઉમેદવારી પત્ર લઈ ગયા છે. તો મનપામાંથી ૩૦૦થી વધુ લોકો નો ડ્યુ અને શૌચાલયની સુવિધા ધરાવતા હોવાનું પ્રમાણપત્ર લઈ ગયાના આંકડાઓ બહાર આવવા પામ્યા છે.

આ વખતની ચૂંટણી માટે બન્ને પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં હોવાનું જણાવાઈ રહ્યું છે. આ ઉપરાંત અપક્ષ અને અન્ય પક્ષોના ઉમેદવારો પણ મોટી સંખ્યામાં ઝંપલાવે તેવી શક્યતાઓ છે.

મનપાની ચૂંટણીએ એટલી બધી રાજકીય

● અનુસંધાન પાન-૭ પર

# ટાઉનહોલમાં દુવિધાઓનુ દંગલ

**લાઇટ કેમેરા એકશનના નામે મીંડુ : કલાકારો અને શ્રોતાઓની મુંઝવણ : કાર્યક્રમ દરમિયાન નામી કલાકારો તેમજ મહાનુભાવોની હાજરીમાં જ ફારસ થતા સરકાર અને આયોજક બન્નેની આબરૂ જાય છે**

ગાંધીનગર તા ૫

કલા અને સંસ્કૃતિના નગર તરિકે ઓળખાતા શહેરમાં કલાકારોને સ્ટેજ પુરુ પાડતા ટાઉનહોલની તમામ સુવિધાઓ ખાડે ગઈ છે. ટાઉનહોલ લાંબા સમયથી મરણ પથારીએ છે. ચાર દિવાલોની અંદરના ભાગે દુવિધાઓની ભરમાર છે. લાઈટ પડદો અને એસી સહીત ટાઉનહોલની બેઠક વ્યવસ્થા પણ શ્રોતાઓ માટે કસોટીરૂપ બની છે.

આમછતા માર્ગ મકાન વિભાગ દ્વારા ટાઉનહોલના રીનોવેશનના પ્રોજેકટને હજુ કોરાણે જ રાખવામાં આવતા કાર્યક્રમના આયોજકો અને શ્રોતાઓ પૈસા ખર્ચીને હેરાનગતિ વેઠી રહયા છે. મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન ભાસતા ટાઉનહોલમાં બહાર ગામથી આવતા કલાકારો મહાનુભાવો અને મુલાકાતીઓની હાજરીમાં સરકાર અને તંત્ર બન્નેની આબરૂ જાળવવી ટાઉનહોલના સ્ટાફ માટે પણ અઘરો વિષય બની ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહેરના એએસપી કરણરાજની બદલી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના અધિક સુપ્રિ. ઓફ પોલીસ ડૉ. કરણરાજને ઉચ્ચત્તર પગાર ધોરણમાં બઢતી આપી તેમને રાજકોટના નાયબ પોલીસ કમિશ્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.


**જાહેર વિજ્ઞપ્તી**

**પેથાપુર મુકામે રામનવમીના પુનિત પર્વે**

**શ્રીયાગ મહાયજ્ઞ અનુષ્ઠાન**

આયોજન કરેલ છે. જેમાં મુખ્ય યજમાન તથા મુખ્ય કુંડના પાટલે અને પ્રતિક કુંડના પાટલે બેસવા સભ્ય નોંધણી ચાલુ છે. તા. ૧૩/૪/૨૦૧૬ સુધી વહેલા તે પહેલાના ધોરણે સભ્ય નોંધવામાં આવશે.

**: શુભ સ્થળ :**

મહાલક્ષ્મીજીની વાડી, કંસાર ફળી,
પેથાપુર, ગાંધીનગર
તારીખ : ૧૫/૪/૧૦૬ શુક્રવાર
સમય : સવારે ૯-૦૦ થી ૫-૦૦

**સંપર્ક**

રજનીભાઈ ખત્રી - ૯૪૨૬૫ ૭૨૦૫૩
પ્રવિણસિંહ સિંધા - ૯૮૭૯૩ ૦૮૨૧૯




પાણીની પરબ - શહેરી વિસ્તારમાં પણ પાણીની પરબનો મહિમા આજે પણ અકબંધ છે... તરસ્યાને પાણી પીવડાવવાનું મહત્વ આપણી સામાજીક પરંપરામાં યુગોથી આલેખાયેલું છે... બદલાતા સમયમાં સ્વરૂપો બદલાયા છે... પરંતુ ભાવ અકબંધ છે... અને ત્યાં સુધી આપણી સામાજીક સંસ્કૃતિ અડીખમ છે અને રહેશે... (તસવીર : કશ્યપ નિમાવત)

## જિલ્લામાં ડાયાબીટીસ અને આંખના દર્દીઓની સંખ્યા વધી રહી છે : સર્વે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં ડાયાબીટીસ અને આંખના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક વધારો થતો જોવા મળી રહ્યો છે.

બદલાતી જતી જીવનશૈલી આ માટે કારણભૂત હોવાનું જણાયુ છે. ગાંધીનગર તાલુકામાંથી જ ૪૭૨ દર્દીઓ ડાયાબીટીસના ૬૫ ટકા જેટલી વસ્તીના સર્વેલન્સમાં મળી આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાંથી શંકાસ્પદ ડાયાબીટીસના કુલ ૩૬૭૦ દર્દીઓ મળી આવ્યા છે.

આરોગ્યતંત્ર દ્વારા ચાલી રહેલા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં ૬૫ ટકા કામગીરી થઈ છે. જેમાં ચોંકાવનારા તારણો જોવા મળ્યા છે. જિલ્લામાં તપાસ દરમ્યાન ૧૯૪૨૩ વ્યક્તીઓમાં ખામી જોવા મળી હતી. જે પૈકી ૪૪૬૯ને સ્થળ પર જ સારવાર આપવામાં આવી હતી.

દ્દષ્ટિની તપાસ દરમ્યાન ૭૪૪૭ વ્યક્તીને ચશ્માના નંબર, ૧૦૩૯ને મોતિયો, ૪૩ને પડદાના રોગ, ૬૬ને ઝામર, ૯૮ને કીકીના રોગ અને ૩૧૯ની આંખ ત્રાંસી હોવાનું જણાઈ આવેલ છે.

જિલ્લામાં ૩૯૪ ટી.બી.ના શંકાસ્પદ દર્દી પણ મળી આવ્યા છે. તો ડાયાબીટીસના ૩૬૭૦ અને ઓરલ કેન્સરના ૩૬ તેમજ ડીપ્રેશનથી પીડાતા ૭૪ દર્દીઓ મળી આવ્યા હતા.

જિલ્લામાં ૧૧,૯૬,૪૧૦ વ્યક્તીઓને સર્વેલન્સ દરમ્યાન આવરી લેવાના લક્ષ્યાંક સામે અત્યાર સુધીમાં ૭,૮૫,૪૯૬ લોકોને આવરી લેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૩૦મી એપ્રિલ સુધીમાં હાઉસ ટુ હાઉસનું સર્વેલન્સ પૂર્ણ કરી નોંધાયેલા શંકાસ્પદ દર્દીઓમાંથી કન્ફર્મ દર્દી શોધવાનું અભિયાન પણ સમાતંર રીતે જ હાથ ધરાશે.

જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સની કામગીરી સ્ટેટની સરેરાશ કરતાં પણ વધુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## એક વ્યકિતની હત્યા કરવાના ગુન્હામાં આરોપીનો આજીવન કેદની સજા

**પ્રતાપપુરા ગામમાં આરોપીએ દાંતી મારી હત્યા કરી હતી**

ગાંધીનગર તા ૫

ગાંધીનગર જિલ્લાના પ્રતાપપુરા ગામમાં દાંતી વડે હુમલો કરી એક વ્યકિતનુ મોત નિપજાવાના કેસમાં કલોલ કોર્ટે આરોપીને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત કોર્ટે આરોપીને રૂ ૧ હજારનો દંડ ભોગવવા માટે પણ હુકમ કર્યો છે. ગાંધીગર જિલ્લાના પ્રતાપપુરા ગામમાં આરોપી અર્જુન કાન્તિલાલ નાયકે ચિકુડીયામાં સાથે કામ કરતા શંકરભાઈ પાલીયાને માથામાં દાંતી મારી તિક્ષ્ણ હથિયાર વડે શરીરના અન્ય ભાગે પણ ઈજાઓ પહોંચાડી હતી. જેના લીધે ગંભીર ઈજા પામનાર શંકરભાઈનુ મોત નિપજ્યુ હતુ. જયારે આ કેસનો આરોપી બળાત્કારના કેસમાં પણ સંડોવાયેલો હોવાથી પોલીસે ઈ પી કો કલમ ૩૦૨,૩૬૩,૩૭૬ અને ૫૦૪ મુજબ ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. આ મામલે જીવણભાઈ રૂપાભાઈ પાલીયાએ કલોલ તાલુકા પોલીસ સ્ટેશને ગુન્હો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ કલોલ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. કલોલ કોર્ટના એડીશ્નલ સેસન્સ જજ બી ડી પટેલે સરકારી વકીલની દલીલો તેમજ ડોકટરની જુબાની,ફરિયાદી પંચો, અને તપાસ કરનાર અમલદારની જુબાની, ધ્યાને લઈ આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૦૨ના ગુન્હામાં આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.


**ગાંધીનગર માટે**

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો

૧ થી ૩૦ સેક્ટર માટે

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર

ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧



**ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**

મધુર ડેરી, ઈલેક્ટ્રોનીક એસ્ટેટ, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર - ૩૮૨૦૨૩

ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

**ઘાસચારાની ટેન્ડર નોટીસ**

ગાંધીનગર જિ.સ.દૂ.ઉ.સં.લી., મધુર ડેરી, ગાંધીનગર સંચાલિત મધુર મોડેલ ડેરી ફાર્મ દશેલા ખાતે સંઘની જરૂરિયાત મુજબના જથ્થામાં લીલા / સૂકા ઘાસચારાની તા. ૧/૫/૧૬ થી તા. ૩૦/૪/૧૭ ના સમયગાળા માટે વજનના આધારે ખરીદી કરવાની હોવાથી ઘાસચારો સપ્લાય કરવા ઈચ્છુક કોન્ટ્રાક્ટરોએ નીચે જણાવેલ શરતોના આધારે તેમના ભાવ બંધ કવરમાં તા. ૨૫/૪/૧૬ સુધીમાં સંઘમાં મળી જાય તે પ્રમાણે મોકલી આપવાના રહેશે.

**સૂકો ઘાસચારો સપ્લાય કરવાની શરતો :-**

(૧) લીલા/સૂકા ઘાસચારાના ભાવ પ્રતિ ૨૦ કિ.ગ્રા પ્રમાણે મધુર મોડેલ ડેરી ફાર્મ દશેલા ખાતેના ઘાસચારાના સ્ટોર રૂમમાં આપના ખર્ચે મૂકી આપવા સાથેના રહેશે.
(૨) ઘાસચારાની ગુણવત્તા બાબતનો સંઘનો અભિપ્રાય આખરી રહેશે તથા હલકી ગુણવત્તાનો ઘાસચારો, સંઘ કોઈપણ વળતર ચૂકવ્યા વગર રીજેક્ટ કરી શકશે.
(૩) ઘાસચારાના બીલનું પેમેન્ટ બીલ મૂક્યાના ૩૦ દિવસ બાદ સંઘ તરફથી એકાઉન્ટ પે ચેકથી કરવામાં આવશે.
(૪) આપનો મંજુર થયેલ કોન્ટ્રાક્ટ ગમે તે સમયે કેન્સલ કરવાનો અબાધિત હક્ક સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

આવેલ ઓફર સ્વીકારવી કે ન સ્વીકારવી તમામ હક્ક સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

મેનેજીંગ ડિરેક્ટરશ્રી



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com